# ધોરણ 8 ગૃહકાર્ય

નમસ્કાર શિક્ષક મિત્રો તેમજ બાળ દોસ્તો આ વેકેશન માં સમય નો સદુપયોગ માટે અમે – શિક્ષક  સાગર એપ ટીમ – આપના માટે ઘણી બધી  તૈયારી કરી રહ્યા છીએ અમે આપના માટે પઝલ્સ,  વાર્તામ જીલ્લા પરિચય વ્યક્તિ વિશેષ પરિચય, બાળગીત પોથી, અક્ષર સુધારણા અભિયાન, તેમજ અવનવી પ્રવૃતિઓ આપ્નામાતે લાવી રહ્યા છીએ તો આવી તમામ પ્રવૃતિઓ મેળવવા માટે અમારા વોટ્સેપ  ગ્રુપ્મજોઇન થવા માટે અહી ક્લિક કરો

**અહી ક્લિક કરો**

# ધોરણ – 8 ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

**આપણે સૌ ઈચ્છીએ છીએ કે આપણું સંતાન સારું જીવન જીવે. સંતાનોના શિક્ષણમાં સહભાગી બની તેના સર્વાંગી વિકાસ માટે તેને મદદ કરીએ. આગામી વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ ચાલતું રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...**

## અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- દરરોજ સવારે માતા-પિતા અને વડીલોને વંદન કરવું તેમજ 1 પક્ષીઓને ચણ નાખવું.
- એક મહિના માટે દરરોજનું વાંચન આયોજનનું તમારું ટાઈમ ટેબલ બનાવો. જેમાં તમામ વિષયને આવરી લેવા.
- દરરોજ સરવાળા,બાદબાકી, ગુણાકાર, ભાગાકારનો એક-એક દાખલો ગણવો.
- ઘરવપરાશની ૫૦ વસ્તુઓના ભાવ જાણી તેનું ભાવપત્રક લખો. તેમાંથી કોઈપણ પાંચ વસ્તુઓના ભાવને આલેખ સ્વરૂપે દર્શાવો.
- સર્વાંગી શિક્ષણના પુસ્તકમાંથી રોજ એક પાઠનું વાચન કરવું.
- ઘરના કોઈ વડીલની મદદ લઈ તમારા ગામનો નકશો દોરી રૂઢ સંજ્ઞાઓ વડે વિગતો દર્શાવો.
- ભારતનાં રાજયોનાં નામ ગુજરાતી તેમજ અંગ્રેજીમાં લખો તેમજ ભારતનો નકશો દોરી તેમાં દર્શાવો.
- ટૂંકનોંધ લખો :- (૧) સંશ્લેષિત રેસાઓ, (૨) ઈ.સ. ૧૮૫૭ના સંગ્રામનાં કારણો, (3) ખેતીના પ્રકાર
- આકૃતિઓ દોરોઃ-(૧)માનવ કાન,(૨) મીણબતીની જયોત, (3)માનવ આંખ, (૪)વનસ્પતિ કોષ અને પ્રાણી કોષ
- ૧૦૦ સુધી એકડી હિન્દી, સંસ્કૃત, અંગ્રેજીમાં અંકો-શબ્દોમાં લખો.
- તમારો અને તમારા મિત્રનો પરિચય હિન્દી અને અંગ્રેજીમાં લખો

વર્ષ 2024-25

- ૧ થી ૨૦ સંખ્યાઓના વર્ગ અને ઘન લખો અને તૈયાર કરો.
- ગુગલ પર સર્ચ કરી વધુ જાણકારી મેળવીને લખો. (૧) મીનાક્ષી મંદિર, (૨) ઉમાશંકર જોશી (૩) ધ ગ્રેટ બેરિયર રીફ
- દરરોજ એક પાઠનું વાચન કરવું અને દરરોજ એક ફકરો 4 સુંદર અક્ષરે લખવો.
- દરરોજ જમતાં પહેલાં ગાય કે કૂતરાને રોટલો કે રોટલી ખવડાવી તેની ખાવાની રીતનું અવલોકન કરવું.
- શાળા પુસ્તકાલયમાંથી આપેલ બે પુસ્તક વાંચવા અને તેનો પુસ્તક પરિચય લખવો.
- દરરોજ પાંચ-પાંચ સમાનાર્થી, વિરુદ્ધાર્થી, રૂઢિપ્રયોગ અને સ્પેલિંગ લખવા અને તૈયાર કરવા.
- દરરોજ તમારી રોજનીશી લખવી. (અલગ નોટબુકમાં)
- રીંછ, શિયાળ, સિંહ અને અને બળદ આ ચાર પાત્રોનો ઉપયોગ કરીને એક વાર્તાની રચના કરવી અને લખવી.
- વેકેશન દરમિયાન ઓછામાં ઓછા પાંચ વ્યકિતઓને મદદરૂપ થવું.
- નિબંધ લખો:- (૧) મારા પ્રિય નેતા, (૨) મારો પ્રિય તહેવાર, (૩) જો હું વડાપ્રધાન હોઉ તો..
- પ્રોજેકટ બનાવો :- (૧) ભારતના ક્રાંતિવીરો, (૨) આલેખ, (૩) ગામનો ઈતિહાસ, (૪) સમાજ સુધારકો.
- ૧ થી ૨૫ના ઘડિયા સીધા, આડા અને ઊંધા લખવા.
- તમારા વર્ગખંડમાં માટે તોરણ અથવા વોલપીસ બનાવો.
- બે સાવરણા (ઝાડુ) બનાવવા.
- તમને ગમતું કોઈ એક વૃક્ષ રોપી અને તેનો ઉછેર કરવો તથા તેના પાંચથી દસ ઉપયોગો લખવા.



shikshansagar.com શિક્ષણ સાગર The King of Education